હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આજે અમારી નહી તમારી સમસ્યા વીષે વાત કરીએ...

બળબળતા બપોરે સચિવાલયમાં સર્જાતો સુસ્તીનો માહોલ..!!

ધોમધખતા તડકાને લીધે બપોરે મુલાકાતીઓ પણ ફરકતા.નથી : લંચ બ્રેક પછી અધિકારીઓ એસી ચેમ્બરની બહાર નીકળવાની હિંમત કરતાં નથી જેથી કર્મચારીઓ પણ આરામના 'મુડ'માં જોવા મળે છે.

ગાંધીનગર, તા.૦૭

શહેરમાં અત્યારે સૌ કોઇ કાળઝાળ ગરમીથી ત્રસ્ત છે, આકાશમાંથી આગનજવાળાની જેમ અંગ દઝાડતો તાપ દિવસ દરમ્યાન શહેરીજનોને અકળાવી રહ્યો છે જેના પગલે ખાસ કરીને બપોરના સમયે સૌ કોઇ પોતાના ઘરના બારી-બારણાં બંધ કરીને ઘરમાં પુરાઇ જાય છે જેના કારણે રહેણાંક વિસ્તારો તો સુમસામ થઇ જાય છે. બીજી તરફ પાટનગરના સચિવાલય પણ બળબળતાં બપોરે ચાલુ હોવા છતાં જાણે સુસ્ત થઇ જાય છે અને બપોરના ૧થી ૩ વાગ્યા દરમ્યાન મોટા ભાગની કચેરીઓમાં ચહલપહલ મંદ પડી જવા પામે છે.

ઉનાળો તેની ચરમસીમાએ છે અને અત્યાર શહેરમાં તાપમાનનો પારો ૪૧ થી ૪૩ ડિગ્રી સે. વચ્ચે જોવા મળી રહ્યો છે. સવારથી જ વાતાવરણમાં ગરમી અનુભવાય છે અને દિવસ ચઢતાં જ સૂરજદેવનો મિજાજ ખુબજ આકરો બની જાય છે જે માનવીની ત્વચાને ચચરાવી મુકે છે.

ધોમધખતા તડકાંને પગલે શહેરીજનો અગત્યના કારણ વગર ઘર, દુકાન કે ઓફિસની બહાર નીકળવાનું ટાળીને પોતાની જાતને પંખા કે એસીના હવાલે કરી દે છે. દિવસ દરમ્યાન ગરમીના કારણે સુસ્તી અનુભવાય છે અને શરીર ઝડપથી થાક અનુભવે છે જે સ્થિતિમાં કામ કરાવાની આળસ આવે છે, ખાસ કરીને જમ્યાં પછી ઘેન ચડવાં લાગે છે. આ સ્થિતિમાં પાટનગરના સચિવાલયમાં પણ બપોરની રીશેષ પછી લંચ કર્યા બાદ સરકારી કર્મચારીઓની હાલત પણ સુસ્ત થઇ જાય છે. ધોમધખતા તાપથી શેકાતાં સચિવાલયના બ્લોકમાં પંખા પણ ગરમ હવા ફેંકવા લાગે છે ત્યારે સ્વાભવિક રીતે જ કામ કરવાની આળસ આવે છે અને તે સમયે મુલાકાતીઓની અવરજવર પણ નહિંવત થઇ જવા પામે છે. અધિકારી વર્ગ પણ તેમના એસી કેબિનમાંથી બહાર નીકળવની હિંમત કરી શકતો નથી જેના કારણે બપોરના આશરે ૧થી ૩ વાગ્યા દરમ્યાન સચિવાલય સંકુલની મોટાભાગની કચેરીઓમાં કામકાજ ઠપ્પ થઇ જતુ અથવા મંદ પડી જતુ અનુભવાય છે. બપોરના સમયે અરસપરસમાં સમજીને કામકાજ ઢીલું મુકતા પણ જોવા મળી રહ્યાં છે. સચિવાલયમાં પણ મુલાકાતીઓને વાહન લઇને આવ્યાં હોય તો તેને પાર્કિંગ વિસ્તારમાં મુકીને જે તે બ્લોક સુધી ચાલીને જવું અત્યંત દુષ્કર બની જાય છે, તેમાં પણ જો એકથી વધુ બ્લોકમાં કામ હોય તો તેમની હાલત કફોડી બની જાય છે જેના કારણે બપોરના સમયે મુલાકાતીઓનો ધસારો સાવ મંદ પડી જાય છે અને કર્મચારીઓને પણ તેના કારણે ખુરશીમાં બેઠાં બેઠાં કે ઓફિસના સોફામાં આરામ કરી લેવાની તક સાંપડી રહે છે.

ખૂણેખાંચરેથી

● કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે આજે એક સમીક્ષા બેઠક યોજાઈ હતી.

● દહેગામના ઝાંક ગામે માલધારી સમાજની મહા પંચાયતનું આયોજન ૮મીના રોજ કરવામાં આવ્યુ છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સુપ્રિ. ડૉ. નિયતિ લાખાણીના અધ્યક્ષપદે આજે સ્ટાફ મિટીંગ યોજાઈ હતી જેમાં માનવીય અભિગમ સાથે દર્દી નારાયણની સેવાઓ સઘનતાથી કરવા જણાવાયુ હતુ.

● ધોળેશ્વર મહાદેવ ખાતે ગઈકાલે શંકરાચાર્ય જન્મ જયંતિ પર્વની ઉજવણી પાદુકા પૂજન અને આરતી સાથે શૃંગેરી મઠ પરંપરા મુજબ કરાઈ હતી.

● સે. ૨૨માં ચારેબાજુ ખોદકામ ચાલી રહ્યુંછેઅનેસ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાથી વસાહતીઓમાં ભયની લાગણી જોવા મળી રહી છે.

● જમીન રી-સર્વેની મુદત ડિસેમ્બર માસ સુધી વધારવાનો નિર્ણય મહેસુલ વિભાગ દ્વારા લેવામાં આવેલ છે.

● મોટેરા ગામમાં બ્રહ્માણી માતાજીના મંદિરે રજતજયંતિ પાટોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી.

● લીંબુ, ટામેટા બાદ હવે કોથમીરના ભાવમાં પણ વધારો થતાં ગૃહીણીઓની અકળામણ વધવા પામી છે.

● લગ્નસરાની મોસમને લઈ ઘણા બધા કર્મચારીઓએ આજે બપોર પછી ઓફિસમાં ગુલ્લી મારી હતી.

● "આપણુ ફાઉન્ડેશન" દ્વારા જાહેર સ્થાનો પર ખુલ્લા પગે ફરતા શ્રમિક પરિવારના સભ્યોને આજે પગખાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

ચિલોડા અને શિહોલી મોટી ગામે આપને દ્વારે આયુષ્યમાન કાર્ડની કામગીરીનો શુભારંભ



ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા અને શિહોલી મોટી ગ્રામ પંચાયત કચેરી દ્વારા ગામના લાભાર્થીઓને ઘર બેઠા આપને દ્વારે આયુષ્યમાન કાર્ડનો લાભ લેવા માટે કચેરી ખાતે ચિલોડા ગામના સરપંચ શ્વેતલબેન જે. પટેલ અને તલાટી કમ મંત્રી અનિતાબેન પટેલ, આરોગ્યકર્મી ડૉ. કૌશલ નાયક, અલ્પાબેન પટેલ, એફ.એચ.ડબલ્યુ અને આશાવર્કર બહેનો તથા નટુભાઈ પટેલ પત્રકાર દ્વારા આયુષ્યમાન કાર્ડનું લીસ્ટનો અભ્યાસ કરી સર્વેક્ષણ દ્વારા દરેક લાભાર્થીઓને કચેરીમાં આવકનો દાખલો, રેશનીંગ કાર્ડ, આધાર કાર્ડ સાથે વી.સી.ઈ.નો સંપર્ક કરવા જણાવ્યું હતું.

જ્યારે શિહોલી મોટી ગામના યુવા સરપંચ પરબતજી માધાજી ઠાકોર તથા વી.સી.ઈ. મહેશભાઈ દ્વારા ગ્રામવાસીઓને આવકનો દાખલો અને જરૂરી ડોક્યુમેન્ટ સાથે કચેરીનો સંપર્ક કરી આયુષ્યમાન કાર્ડ માટે આપને દ્વારે આયુષ્યમાન કાર્ડનો વિશેષ લાભ લેવા જણાવ્યું છે. હાલ બંને ગામોની કચેરીએ સક્રિયપણે ગામના આગેવાનોએ લાભાર્થીઓ વધુને વધુ લાભ લેવા અનુરોધ કર્યો છે.

ત્રણ જીલ્લામાં વાહનચોરી-ઘરફોડ ચોરીમાં તરખાટ મચાવનાર ત્રણ ઝડપાયા

એલસીબી પોલીસે ત્રણ શખ્સોને પકડી પાડી રૂ.૬૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ૭ ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર, સાબરકાંઠા અને મહેસાણા જીલ્લામાં છેલ્લા એકાદ માસથી વાહનચોરી અને ઘરફોડ ચોરી કરીને તરખાટ મચાવતી ગેંગના ૩ શખ્સોને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે.

પોલીસને શખ્સો પાસેથી રોકડા રૂ.૩૫ હજાર, બાઈક કિં.રૂ.૨૦ હજાર, શર્ટ નંગ-૨૦ તેમજ ચોરી કરવામાં ઉપયોગમાં લેવાયેલુ ખાતરીયુ-હથોડી સહિત કુલ રૂ.૬૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રેન્જ આઈજી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ ની સુચના થી એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના જવાનો ઘરફોડ અને વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલવાની દિશામાં કાર્યરત હતા.

તે સમયે બાતમી મળી હતી કે છત્રાલ જીઆઈડીસીમાં ચોરીના બાઈક સાથે ચોરી કરેલા શર્ટ વેચવા માટે ફરી રહ્યા છે. જેથી એલસીબીની ટીમે ત્રણેય શખ્સો છત્રાલ થી પકડી પાડી કડકાઈથી પુછપરછ કરી હતી. પોલીસે શખ્સોના નામ પુછતા રાહુલ ઉર્ફે વિકાસ લક્ષ્મણ બજાણીયા (આદર્શ સ્કુલની બાજુમાં છાપરામાં હિંમતનગર), કરણ ઉર્ફે અર્જુન સરતાન દંતાણી (રહે.સાંઈબાબા મંદિર પાસે છાપરામાં મહેસાણા), અને ગણેશ ઉર્ફે ગણીયો શકારજી મોથલીયા (રહે. પાણપુર પાટીયા પાસે છાપરામાં હિંમતનગર)હોવાનું જણાવ્યું હતું.

આ ત્રણ શખ્સો પાસેથી પોલીસને ચોરીનું બાઈક, ખાતરીયું, હથોડી, રૂ.૩૫ હજાર રોકડા, ૨૦ નંગ શર્ટ મળી આવ્યા હતા. તેઓની વધુ પુછતાછ કરતા એક માસ અગાઉ અન્ય એક સાગરીત અર્જુન બજાણીયા સાથે મળીને ડીંગુચા ગામથી બાઈકની ચોરી કરી હતી. ત્યારબદા તે બાઈક લઈને પલીયડજ જઈ પાન-બીડી અને બીજા એકદુનનમાં રૂ.૧.૨૦ લાખની ચોરી કરી હતી. જયારે બાઈકને બાલવા રેલ્વે ફાટક પાસે બિનવારસી મુકીને પૈસા ની વહેચણી કરી હતી.

સરગાસણ અશ્વમેધ સોસાયટીમાં ખુલ્લામાં પાર્ક કરેલ બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સરગાસણ એની ટાઈમ હોટલની પાસે આવેલ અશ્વમેધ સોસાયટીમાં ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલુ હોન્ડા સાઈન બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સરગાસણ અશ્વમેધ સોસાયટી બંગલા નં.૨૭ ખાતે પી.જી.માં જયરાજભાઈ લક્ષ્મણભાઈ પરમાર રહે છે. જયારે સરગાસણ ચોકડી ખાતે અટ્રીયા કોમ્પ્લેક્ષ ખાતે આવેલી એકેડમીમાં સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરુ છું. જયરાજ આવન જાવન માટે સીબી સાઈન હોન્ડા કંપનીનું બાઈક નં. જી.જે.૧૩.એ.સી.-૬૫૭૬ નો ઉપયોગ કરે છે. જયરાજે ગત તા.૧ મે ના રોજ રાત્રીના ૧ વાગે પીજીના રહેણાંક સ્થળે નીચે ખુલ્લી જગ્યામાં પાર્ક કરીને મુક્યું હતું.જયારે સવારના સાડા છ વાગે બાઈક લેવા જતા પાર્ક કરેલી જગ્યા પર બાઈક મળી આવ્યું ન હતું. જેથી પોતાની રીતે આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૨૫ હજારની બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે વાહનચોરી કરતી ટોળકી માટે સરગાસણ આસપાસનો વિસ્તાર વાહનચોરી માટે હોટ ફેવરીટ બનતો જાય છે.

શ્રી રવીન્દ્રનાથ ટાગોરની જન્મ જયંતિની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૭

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં સાહિત્ય ક્ષેત્રે નોબલ પરિતોષિક મેળવનાર પ્રથમ ભારતીય રવિન્દ્રનાથ ટાગોરની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી હતી. આ પ્રદર્શનમાં રવિન્દ્રનાથ ટાગોરના પુસ્તકો જેવા કે શાંતિનિકેતન, ગોરા, ગીતાંજલિ, ચોખેરબાલી અને અતિથિ વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના એમ કુલ ૩૦ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના સૌ સેવકમિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો દિશા દવે, કિશન પંચાલ અને જતિન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

શહેરમાં વધતા જતા દબાણો, ઝુંપડપટ્ટીના દબાણો અને અપૂરતા પાણીના ફોર્સની સમસ્યાઓથી નગરજનો પરેશાન છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા વસાહતીઓને પડતી મુશ્કેલીઓ અને સમસ્યાઓ સંદર્ભે સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

શહેરી છાવણી ખાતે ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચાના ધરણા યોજાશે

જુની પેન્શન યોજના ચાલુ કરવા અને પડતર માંગણીઓ મુદ્દે સવારે ૧૦ થી ૨ વાગ્યા સુધી ધરણા

ગાંધીનગર, તા.૭

ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચાના નેજા હેઠળ રાજયના તમામ કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓ મુદ્દે આગામી તા.૯ મે ને સોમવારના રોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૦ થી ૨ કલાક દરમિયાન ધરણા યોજાશે. ત્યારબાદ રાજયના મુખ્યમંત્રીને કર્મચારીઓની પડતર માંગણીઓ મુદ્દે આવેદન પત્ર આપવામાં આવશે. શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયમાંથી પ્રાથમિક શિક્ષકો તેમજ વિવિધ વિભાગના કર્મચારીઓ હજજારોની સંખ્યામાં હાજર રહેશે.

ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચા દ્વારા રાજયમાં જુની પેન્શન યોજના ચાલુ કરવા, સહિત અન્ય પ્રશ્નો જેવા કે ફિકસ પગારની પ્રથા, કરાર આધારીત ભરતી બંધ કરવી, સાતમા પગારપંચના અન્ય લાભો આપવા, પ્રાથમિક શિક્ષકની જેમ બીજા કર્મચારીઓને પણ સળંગ નોકરીનો લાભ આપવો, શૈક્ષણિક કર્મચારી સિવાયના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે ૧૦,૨૦, અને ૩૦ મુજબ ઉચ્ચર પગાર ધોરણના લાભ આપવા સહિતનો સમાવેશ થાય છે.જયારે એપ્રિલ માસમાં કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી હતી. જયારે રાજયના મુખ્યમંત્રી અને તમામ ધારાસભ્યોને આવેદન પત્ર પાઠવી પડતર માંગણીઓ મુદ્દે સત્વરે યોગ્ય કરવા રજુઆત કરી હતી. તેમ છતા હજુ સુધી સરકાર તરફથી કોઈ હકારાત્મક નિર્ણય ન આવતા આગામી તા.૯ મે ના રોજ પાટનગરની છાવણી ખાતે કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહીને ધરણા યોજશે. તેમ છતા સરકાર તરફથી યોગ્ય નિર્ણય નહી લેવામાં આવે તો આગામી સમયમાં વધારે ઉગ્ર અને જલદ કાર્યક્રમો ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચા દ્વારા આપવામાં આવશે તેમ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી કિરીટસિંહ ચાવડાએ જણાવ્યું છે.

ઉવારસદ કર્ણાવતી યુનિવર્સિટી કેમ્પસમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૭

ઉવારસદ કર્ણાવતી યુનિવર્સિટીના પાર્કિંગમાંથી સવારના સમયે હીરો સ્પ્લેન્ડર બાઈકની ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક ઉવારસદ ગામે બ્રહ્માણીમાતાવાળો વાસ ખાતે રહેતો ૨૮ વર્ષિય ચિરાગ ભરતભાઈ રાવળ પરિવાર સાથે રહે છે. ચિરાગ રાવળ છેલ્લા ચાર વર્ષથી ડેન્ટલ વિભાગમાં નર્સિંગ સ્ટાફમાં ફરજ બજાવે છે. ચિરાગ પાસે હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.સી.જી.-૭૯૭૮ નોકરી જવા માટે ઉપયોગ કરતો હતો. ઉવારસદ કર્ણાવતી યુનિવર્સિટી કેમ્પસ ખાતે ગત તા.૪ મે ના રોજ સવારે ૮.૩૦ કલાકે પાર્કિંગમાં બાઈક પાર્ક કર્યું હતું. જયારે બપોર સુધીમાં બાઈકની ઉઠાંતરી થઈ ગઈ હતી. કોઈ ચોર શખ્સો બાઈક ચોરી પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે ચિરાગે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજયમાં કોરોનાના નવા કુલ ૨૭ કેસ : ૧૯ દર્દી રિકવર થયા

ગાંધીનગર, તા.૭

કોરોનાના આંકડા ગુજરાતમાં ઉતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરાયેલી ભીતિ કે જુન-જુલાઇમાં કોરોનાની વધારે એક લહેર આવી શકે છે સાચી ઠરશે કે શું તેવા સવાલો થઇ રહ્યા છે. રાજયમાં આજે કોરોનાના નવા ૨૭ કેસ નોંધાયા છે. બીજી તરફ ૧૯ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૪૦૧ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કો રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજયમાં રસીના આજે કુલ ૪૨,૧૨૯ ડોઝ અપાયા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજયમાં હાલ કુલ ૧૨૫ કેસ એક્ટિવ છે. જે પૈકી એક પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૧૨૫ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૨,૧૩,૪૦૧ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યાં છે.

કરણીસેનાની એકતા યાત્રાનું શહેરમાં પૂર્વ ડે.મેયર યુસુફભાઈ પરમાર દ્વારા ભવ્ય સ્વાગત કરાયું

ગાંધીનગર,તા.૦૭

કચ્છ થી પ્રસ્થાન થયેલી રાજપૂત કરણી સેના દ્વારા આયોજીત એકતા યાત્રા શુક્રવારના રોજ ગાંધીનગર ખાતે આવી પહોંચી હતી.ત્યારે શહેરના ચ-૭ થી ઘ-૭ વચ્ચે માર્ગ પર શહેરના પૂર્વ ડે.મેયર યુસુફભાઈ પરમાર, સુન્ની મુસ્લિમ જમાત પેથાપુરના પ્રમુખ યુનુશ યુસુફભાઈ પરમાર દ્વારા એકતા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુસુફભાઈ પરમાર દ્વારા એકતા રથમાં સવાર આગેવાનોનું હાર પહેરાવી સ્વાગત કરાયુ હતું. જયારે એકતા યાત્રામાં સામેલ સૌ ભાઈઓ માટે ઠંડા પીણા, આઈસ્ક્રીમ, અને મીનરલ પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે કોમી-એખલાસનું વાતાવરણ સર્જાયું હતું.

શહેરમાં ફરી મનોરંજનનો મહાસાગર હિલોળા લેવા સજ્જ

કોરોના મહામારીના શુષ્ક બે વર્ષ બાદ ફરી શહેરની સાંસ્કૃતિક સંસ્થાઓએ વિચિધ આયોજનો સાથે કમર કસી : 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત સરકારી પીઠબળ પણ 'પ્રાણવાયું' બનીને વ્હારે આવ્યું

ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગર ગુજરાતનું રાજકિય પાટનગર હોવા સાથે એક સાંસ્કૃતિક નગર પણ છે જ્યાં વિવિધ સાંસ્કૃતિક, સાહિત્યિક, સંગીત-નાટ્ય-કળા અને સામાજિક પ્રવૃતિઓ સતત ધમધમતી રહેતી હતી. જોકે કોરોના મહામારીના કારણે આશરે બે વર્ષ સુધી શહેરમાં આ તમામ પ્રવૃતિઓ પર જાણે બ્રેક લાગી ગઈ હતી અને શહેરનું જનજીવન સાવ શુષ્ક મનોદશામાં આવી જવા પામ્યું હતું. આ સમયગાળા દરમ્યાન કેટલીક સંસ્થાઓએ ઓનલાઈન સાંસ્કૃતિક કાર્યક્રમોનો વિકલ્પ અપનાવ્યો હતો પરંતુ તેમાં નાગરિકોને સંતોષકારક રસપાન શક્ય બનતું નહોતું. હવે શહેરમાં ફરી એકવાર સાંસ્કૃતિક પ્રવૃતિઓની વસંત પુરબહારમાં ખીલતી અનુભવાઈ રહી છે અને શહેરના આકાશમાં પુનઃ સર્જનાત્મક પ્રવૃતિઓનો સૂરજ ચમકવા લાગ્યો છે જેમાં સરકાર દ્વારા 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત પુરુ પાડવામાં આવતું પીઠબળ પણ 'પ્રાણવાયું' બનીને નવી ઉર્જા જગાવી રહ્યું છે.

ફરી એકવાર જનજીવન રાબેતા મુજબ પાટે ચડી ગયું છે જેના પગલે પાટનગર જેના માટે જાણીતું છે તેવી શહેરની સાંસ્કૃતિક અને સામાજિક સંસ્થાઓ દ્વારા હવે કમર કસવામાં આવી રહી છે અને વિચિધ કાર્યક્રમોના આયોજનો હાથ ધરાઈ રહ્યાં છે. તાજેતરમાં જ શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા અર્ક વ્યાખ્યાન માળાનો પુનઃ શુભારંભ કરતાં જાણીતા વક્તાઓ જેવા કે ડો.પ્રશાંત ભીમાણી, સૌમ્ય જોશી અને આરજે ધ્વનિતના વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કલ્ચરલ ફોરમ દ્વારા શહેરમાં વેકેશનના સમયગાળામાં અગાઉની જેમ ફરી એકવાર ગ્રીષ્મોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે જેમાં રાષ્ટ્રીય સ્તરે લબ્ધ પ્રતિષ્ઠિત કહેવાય તેવા કલાકારોના પરફોર્મન્સ આવરી લેતાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ સાથે શહેરની અન્ય એક પ્રતિષ્ઠિત સંસ્થા "સંસ્કૃતિ" દ્વારા પણ સ્નેહમિલન સમારંભ સાથે શુભારંભ કરીને આગામી સમયમાં તેના સભ્યો માટે મનગમતાં મનભાવન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. શહેરમાં કોરોના અગાઉના થોડાક વર્ષોમાં 'કરઓકે સિંગિગ'ની પ્રવૃતિ ખૂબ જ વિકાસ પામી હતી અને તેના કાર્યક્રમો યોજતી સંસ્થાઓની સંખ્યા પન નોંધપાત્ર રીતે વધી હતી. એ સમયે લગભગ દર સપ્તાહે બેથી ત્રણ કાર્યક્રમ કરાઓકે સિંગિંગ આધારિત યોજાતાં હતા જે પૈકી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ જેવી સંસ્થાએ તો રેકોર્ડઝ બુકમાં સ્થાન પામતો કાર્યક્રમ યોજ્યો હતો. જોકે કોરોના મહમારીનું ગ્રહણ લાગતાં સાવ બંધ થઈ જવા પામેલા કરાઓકે સંગીતના કાર્યક્રમો પણ ફરીથી શરૂ થઈ ગયાં છે. શહેરમાં વારંવાર યોજાતાં લોકડાયરા અને ભક્તિસંગીતના કાર્યક્રમો પણ સરકારના 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત પુરુ પાડવામાં આર્થિકસહયોગથી ફરી યોજાવા લાગ્યાં છે અને ધીમે ધીમે શહેરમાં ફરી એકવાર સાંસ્કૃતિક પ્રવૃતિઓની મહેક પ્રસરવા લાગી છે જેના કારણે સાવ શુષ્ક બે વર્ષના લાંબાઅંતરાય પછી શહેરીજનોને ફરી એકવાર મનોરંજનનુંમહાટોનિક જીવનમાં નવા ઉમંગનોસંચાર કરાવવા સજ્જ બન્યુછે.